

# ઇસે કૌન ખિલાતા હૈ?

**માધવ મલ્હાર**
તપન ત્રિવેદી

જીવ માત્રના પાલન-પોષણની જવાબદારી ઈશ્વરની છે. પ્રત્યેક મનુષ્ય આ હકીકત જાણે છે, સમજે છે છતાં માનવીના ચિત્તમાં અહંકાર સમયે સમયે ફૂંફાડા મારી તેના અસ્તિત્વને ભરડો દઈ દે છે. આવા સંજોગોમાં કોઈ સદ્‌ગુરુ, કોઈ મહાપુરુષનો ભેટો થઈ જાય છે ને તે પોતાની દિવ્ય, અલૌકિક શક્તિના પ્રતાપે અને પ્રભાવે માનવમનમાં પ્રવર્તી રહેલા અહંકારને ઓળખી સમજી જાય છે અને માનવીના કલ્યાણ માટે તેઓ એક યા અન્ય રીતે પ્રવૃત્ત થાય છે. પ્રવૃત્ત થાય છે એટલું જ પોતાના જીવનપથ પર આગળ વધતાં વધતાં ક્યારેક ક્યારેક અહમ્ - ઈર્ષ્યાના ભાવમાં તણાઈ જાય છે અને સન્માર્ગે આગળ વધતાં વધતાં તેની જીવનયાત્રા સહેજ ફંટાઈ જાય છે. ફંગોળાઈ જાય છે અને આયાસે કે અનાયાસે અવનતિ તરફ ડગ ભરવા માંડે છે.આવા સમયે ઈશ્વરની શરણાગતિ, શ્રદ્ધાપૂર્વકની ઉપાસના, સદ્‌ગુરુનું સાન્નિધ્ય, સત્સંગ માનવીને દીવાદાંડીની ગરજ સારે છે. આધ્યાત્મિક અભિગમ તેને અવનતિના દ્વારેથી હાથ પકડીને પાછા સન્માર્ગે લઈ આવે છે.

આથી માનવીના જીવનમાં આધ્યાત્મિક

> **માનવીના જીવનમાં આધ્યાત્મિક અભિગમ અને ઇશ્વરની- ઈષ્ટની ઉપાસના, નામસ્મરણ તેને સતત કર્તવ્યની કેડીનું ભાન કરાવતાં રહે છે. જીવ માયામાં, સંસારમાં સતત રમમાણ રહે છે આથી તેના જીવનમાં ક્યારેક ક્યારેક અચાનક અવનતિના ઓળા તેના જીવનપથ પર અચાનક છવાઈ જાય છે. એ ઓળાના અંધકારમાં તે માર્ગ ભૂલી જાય છે. આથી માનવીએ જીવનમાં સતત સભાનતા અને સતર્કતા રાખવી જરૂરી જ નહીં, અનિવાર્ય પણ છે**

નહીં તેના અહંકારનું તેને ભાન કરાવે છે અને તેને અહંકારથી મુકત કરે છે.

આ સંદર્ભમાં શિવાજીના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. એક વાર શિવાજી અને તેમના ગુરુ સ્વામી રામદાસ નગરમાં ફરવા નીકળ્યા હતા. શિવાજીના હૈયે રૈયતની સેવાનો ભાવ ભારે વેગથી વહેતો હતો પણ ક્ષણભર શિવાજીના મનમાં અહંકાર ઘડીભર ફૂંફાડા મારી ઊભો થઈ ગયો હતો. બંને ગુરુ-શિષ્ય ફરતાં ફરતાં એક મોટી શિલા નજીક આવીને ઊભા રહી ગયા. સ્વામી રામદાસે શિવાજીને કહ્યું: ‘‘શિવા, આ પથ્થર ઊંચક. શિવાજીએ એ ઊંચકયો. પથ્થરની નીચેથી દેડકાંનાં નાનાં નાનાં બચ્ચાં ડ્રાંઉં ડ્રાંઉં કરતાં બહાર આવી ગયાં. શિવાજી એને જોઈ જ રહ્યા. સ્વામી રામદાસે શિવાજીની સામે જોઈ કહ્યું: ‘‘શિવા, ઈસે કૌન ખિલાતા હૈ?’’ શિવાજીને પોતાના મનમાં પ્રવર્તી રહેલા અહંકારનો ખ્યાલ આવી ગયો. તેઓ ગુરુ સ્વામી રામદાસ સમક્ષ નતમસ્તક ઊભા રહી ગયા. શિવાજીને પોતાની ભૂલ સમજાઈ ગઈ. ગુરુનું આ કર્તવ્ય છે. પથભૂલેલાં માનવીને તેના કર્તવ્યનું ભાન કરાવવાનું. તેને સાચા રસ્તે દોરવવાનું. માનવી અભિગમ અને ઈશ્વરની- ઈષ્ટની ઉપાસના, નામસ્મરણ તેને સતત કર્તવ્યની કેડીનું ભાન કરાવતાં રહે છે. જીવ માયામાં, સંસારમાં સતત રમમાણ રહે છે. આથી તેના જીવનમાં ક્યારેક ક્યારેક અવનતિના ઓળા તેના જીવનપથ પર અચાનક છવાઈ જાય છે. એ ઓળાના અંધકારમાં તે માર્ગ ભૂલી જાય છે.આથી માનવીએ જીવનમાં સતત સભાનતા અને સતર્કતા રાખવી જરૂરી જ નહીં, અનિવાર્ય પણ છે.

શિવાજીમાં માતા જીજાબાઈએ શૌર્યનું સિંચન કર્યું હતું. શિવાજી સતત રૈયતના કલ્યાણ માટે કાર્યરત રહેતા હતા પણ સમય આવ્યે રાજ્યમાં કાંઈક ન બનવાનું બને ત્યારે માતા જીજાબાઈ શિવાજીને ઠપકો આપી સંજોગો સંભાળી લેવાનું સમજાવતાં હતાં.

તો સ્વામી રામદાસ જેવા ગુરુની નિશ્રા હોવાથી શિવાજીના મનમાં અહંકાર જેવા ભાવને ઉદ્દભવતાં જ નામશેષ કરી દેતા હતા. આપણે સૌ સામાન્ય મનુષ્યે આપણા મનમાં ઉદ્દભવતા ભાવો પર સભાન અને સતર્ક રહી જાતે જ આપણી જાતના ગુરુ બની સદ્દભાવ અને સન્માર્ગ તરફ સતત નજર રાખવી જરૂરી છે.

# પિતૃઓના અગણિત ઉપકારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર શ્રાદ્ધ

**ધર્મ મર્મ**
શ્રીજીવ વ્યાસ

પિતૃઓ માટે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતા મુક્તિ કર્મને શ્રાદ્ધ કહેવાય તથા તૃપ્ત કરવાની ક્રિયા તર્પણ કહેવાય. પિતૃઓ માટે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતા તલ મિશ્રિત જલ અર્પણ કરવાની ક્રિયા તે તર્પણ. ટૂંકમાં શ્રદ્ધાથી કરવામાં આવે તે શ્રાદ્ધ ભાવના, લાગણી, શ્રદ્ધા,વિશ્વાસ એ વ્યક્તિના મન તથા ચિત્ત સાથે સંકળાયેલા છે. તેમાં શંકા કુશંકા, તર્ક વિતર્કને સ્થાન નથી. આપણા દિવંગત પિતૃઓના, સ્વજનોના આપણા પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અગણિત ઉપકારો, ઋણ છે જે પ્રત્યે કૃતજ્ઞતા શ્રાદ્ધ દ્વારા વ્યક્ત કરવાનો અવસર છે તો આપણે ભાવપૂર્વક પ્રમાણિકતાથી, યથાશક્તિ કરવાનું નૈતિક કર્તવ્ય છે.

શ્રદ્ધાએ હિંદુ ધર્મની કરોડરજ્જુ છે અને શ્રદ્ધા જ ન હોય તો ધર્મની મહત્તા, ભક્તિ નિરર્થક બની જાય. શ્રદ્ધાએ આપણા ધર્મનું મહત્વનું અંગ છે જ્યારે શ્રાદ્ધ એ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતું ધાર્મિક કર્મ છે.

શ્રુતિ-સ્મૃતિ પુરાણો અનુસાર વ્યક્તિના મૃત્યુની તિથિએ પિતૃ પક્ષના પખવાડિયામાં એટલે કે (ભાદરવા વદ એકમથી અમાસ સુધી) જે તે તિથિએ શ્રાદ્ધ, તર્પણ કરવાનું વિધાન છે. માતા-પિતા, દાદા -દાદી, નાના-નાની સહિતના સદગત કુટુંબીજનો, ગુરુજનો વગેરેના આપણા પર ઉપકારો છે. અનુવંશિકતાની દ્રષ્ટિએ પણ આપણે પિતૃઓના ઋણી છીએ કે તેમના થકી આપણું પૃથ્વી પર જીવન, પોષણ, જ્ઞાન, ઘડતર શક્ય બને છે. તેઓનું શ્રાદ્ધ કરી આપણે તેઓના આશીર્વાદને પાત્ર બનીએ છીએ તેઓને યતકિંચિત તૃપ્ત કરીએ તો આપણને પણ સંતોષ થાય. શ્રાદ્ધ તર્પણ દ્વારા આપણે જે કૃતજ્ઞતા અને આત્મીયતા વ્યક્ત કરીએ છીએ તેને પગલે આપણામાં સાત્વિક વૃત્તિ જાગૃત રહે છે. શાસ્ત્રો અનુસાર વ્યક્તિના મૃત્યુ બાદ જીવનું અસ્તિત્વ નાશ પામતું નથી માત્ર સ્થૂળદેહ જ નાશ પામે છે. તેઓ સ્મૃતિ રૂપે તો ચિરંજીવ રહે છે. વિદ્વાનો, મહાનુભાવો, કલાકારો અક્ષરદેહ, વાણીદેહથી ચિરંજીવ રહે છે. આપણી સદ્દભાવના કે દુર્ભાવના સૂક્ષ્મ રીતે તેમને પહોંચે છે. સ્થૂળદેહના નાશ પછી પણ તેમના કર્મો વિચારો અને પિતૃ તરફથી મળેલા જ્ઞાન, ગુણો રૂપી વારસાની પરંપરા ચિરંજીવી રાખવી તે પણ આપણું કર્તવ્ય છે. દેવ તર્પણ, ઋષિ તર્પણ પણ તેઓ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાનું વિધાન છે. શ્રાદ્ધ તર્પણ થી તેઓને તૃપ્તિ અને આપણને સંતોષ મળે છે કેમકે તેઓ ભાવનાત્મક રીતે આપણી સાથે જોડાયેલા છે એ નહીં ભૂલવું જોઈએ કે આપણે પણ એક દિવસ પિતૃ બનવાના છીએ. શ્રીકૃષ્ણના યુગના શ્રાદ્ધની એક કથા જાણીતી છે. ‘જ્યારે સૂર્યપુત્ર કર્ણ મૃત્યુ પામ્યા બાદ સ્વર્ગલોકમાં પહોંચ્યા તો તેમને ત્યાં ભોજનમાં સુવર્ણ-સોનું આપવામાં આવ્યું. કર્ણ એ દેવરાજ ઈન્દ્રને કહ્યું કે, ‘હું સુવર્ણ કેવી રીતે ખાઈ શકું? મને પણ ભોજનમાં અન્ય દેવાત્માઓની જેમ ભોજન આપવામાં આવે.’ત્યારે ઈન્દ્રદેવ બોલ્યા કે,’હે મહાવીર, આપે આપના આખા જીવન દરમિયાન માત્ર સુવર્ણનું જ દાન કર્યું છે. ક્યારેય અન્નદાન નહીં કર્યું. જે આપે આપ્યું તે જ આપને મળશે. ‘કર્ણ એ કહ્યું કે, ‘જે કંઈ થઈ ગયું તે થઈ ગયું. કોઈ ઉપાય બતાવો કે જેથી મને પણ બધાની જેમ ભોજન મળે.’ ત્યારે ઈન્દ્ર દેવે કર્ણને 16 દિવસો માટે પૃથ્વી પર મોકલ્યા પૃથ્વી પર આવીને કર્ણ એ ગાય, બ્રાહ્મણ, સાધુ, સંતો, દરિદ્ર નારાયણો ની સેવા કરી, અન્નદાન કર્યું. તે પછી પાછા સ્વર્ગે ગયા એ 16 દિવસોને પિતૃ પક્ષ કહેવાય છે.’ એવી ધાર્મિક માન્યતા છે કે આ 16 દિવસો દરમિયાન સમસ્ત પિતૃ અને અતૃપ્ત આત્માઓ પોતાના કુળ, પરિવાર તરફથી તર્પણની અને શાંતિની આશા સાથે ધરતી પર આવે છે. જે વ્યક્તિ પોતાના પિતૃઓના નામથી તર્પણ, યજ્ઞ, પીંડદાન, દાન વગેરે કરે છે તેના પિતૃદેવો પ્રસન્ન થઈને આશીર્વાદ આપે છે. ઈન્દ્ર અને કર્ણની રૂપક કથાનો બોધ




એટલો જ કે અન્નદાન મહાદાન છે. કેમકે અન્નજળ વગર પુષ્ટિ કે તૃપ્તિ થતી નથી એટલે જ શ્રાદ્ધમાં બ્રહ્મ ભોજન, અન્નદાન, વસ્ત્રદાન, ધાતુદાન (વાસણો), તર્પણ, પિંડદાન પિતૃઓ માટે પ્રાર્થના આવશ્યક છે.

એક જીજ્ઞાસા સ્વાભાવિક છે. શ્રાદ્ધમાં અપાયેલ અન્ન વગેરે સામગ્રીઓ પિતૃઓને કેવી રીતે મળે છે? કેમકે વિભિન્ન કર્મો અનુસાર મૃત્યુ બાદ જીવને અલગ અલગ ગતિ પ્રાપ્ત થાય છે? કોઈ દેવતા બની જાય છે, તો કોઈ પિતૃ, તો કોઈ પ્રેત, કોઈ પ્રાણી, કોઈ જીવજંતુ, કોઈ જળચર, કોઈ વૃક્ષ કે તૃણ(ઘાસ).

> **શ્રાદ્ધ પક્ષમાં પિંડદાન, તર્પણ, બ્રહ્મભોજન, અન્નદાન, દાન-દક્ષિણા ઉપરાંત ગાય, કૂતરા, કાગડાને ભોજન કરાવવું શુભ ગણાય છે. નમક, તલ, વસ્ત્રોનું દાન પણ શુભ ફળ આપનારું ગણાય છે. ગરીબો, પશુપક્ષીઓને અન્ન, જલદાન ઈચ્છનીય છે. દર્ભ, તલ, જવ, ચોખા, ગંગાજળ, ગાયના દૂધનો ઉપયોગ શ્રાદ્ધમાં અવશ્ય કરવો**

શ્રાદ્ધ માં અર્પણ કરાયેલા પિંડ થી મોટા પ્રાણીનું પેટ કેવી રીતે ભરાય? કીડી મંકોડા જેવા જીવજંતુઓ મોટા પિંડને કેવી રીતે ખાઈ શકે? દેવતા તો અમૃતથી તૃપ્ત થાય. પિંડથી તેમને કેવી રીતે તૃપ્તિ મળે? આવા પ્રશ્નોનો શાસ્ત્રમાં સ્પષ્ટ ઉત્તર છે કે,’નામ, ગોત્રના આધારે વિશ્વદેવ અને અગ્નિષ્વાત વગેરે દિવ્ય પિતર હવ્ય-કવ્ય પિતૃઓને પ્રાપ્ત કરાવે છે. નમક, તલ, વસ્ત્રોનું દાન પણ શુભ ફળ આપનારું ગણાય છે. ગરીબો, પશુ પક્ષીઓને અન્ન, જલદાન ઈચ્છનીય છે. દર્ભ, તલ, જવ, ચોખા’ ગંગાજળ, ગાયના દૂધનો ઉપયોગ શ્રાદ્ધમાં અવશ્ય કરવો. સાત્વિક ભોજન, સાત્વિક બ્રાહ્મણને અથવા જરૂરતમંદને દાન કરવું. સંધ્યાકાળે દીપ પ્રગટાવી પિતૃઓનું સ્મરણ કરવું. મનુસ્મૃતિમાં ‘બ્રાહ્મણ’ દેવતાઓના અને પિતૃઓના પ્રતિનિધિ મનાયા છે. શ્રાદ્ધ વખતે આહાર, આચરણ સાત્વિક રાખવા. પિતૃ શાંતિ મંત્ર,ગીતાનો સાતમો અધ્યાય જ્ઞાન વિજ્ઞાન યોગ, વિષ્ણુ સહસ્ત્રનામ, ગરુડ પુરાણમાંથી જે અનુકૂળ હોય તેનું ખાસ કરીને શ્રાદ્ધ ના દિવસે અવશ્ય પઠન કરવું. ક્યારેક અતિ વિપરીત સંજોગો હોય અગર ધનના અભાવે શ્રાદ્ધ કરી શકાય તેમ ન હોય તો માત્ર શાકથી શ્રાદ્ધ થઈ શકે કે ગાયને ઘાસ ખવડાવી શકાય. એ પણ શક્ય ન હોય તો એકાંત સ્થળે જઈ આકાશ તરફ બંને હાથ ફેલાવી એવી પ્રાર્થના-વિનંતી કરવી કે, ‘હે મારા પિતૃ ગણ, મારી પાસે શ્રાદ્ધ કરવા નથી જરૂરી ધન કે નથી ધાન્ય વગેરે. હા, મારી પાસે શ્રદ્ધા અને ભક્તિ છે હું તે દ્વારા આપને તૃપ્ત કરવા ઈચ્છું છું. આપ તૃપ્ત થઈ જાવો. મેં શાસ્ત્રની આજ્ઞા અનુસાર બંને હાથ આકાશ તરફ ઉઠાવ્યા છે. પ્રાર્થના કરું છું’.(વિષ્ણુ પુરાણ 3-14 30.)

શ્રાદ્ધ પક્ષ એ ભાવ અને શ્રદ્ધાપૂર્વક દિવંગત પિતૃઓને તૃપ્ત કરવાનો તેઓના આશીર્વાદ પામવાનો તથા તેઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પાવન અવસર છે. સંદર્ભ-ગરુડ પુરાણ પ્રેતકલ્પ, પિતૃખંડ. ધર્મ સિંધુ, વિષ્ણુ ધર્મસૂત્ર, પદ્મપુરાણ, શ્રાદ્ધ પ્રકાશ. ‘ઈદં ન મમ’.